**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૭ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૪૧ ટકા

# શહેરમાં સંત રોહિતદાસજીની ભવ્ય શોભાયાત્રા નીકળી





સંત શ્રી રોહિદાસ સેવા સમાજ ગાંધીનગર દ્વારા જગત ગુરૂ સંત શિરોમણી રોહિદાસજીની ૬૪૩ મી જન્મજયંતિ નિમિતે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આ શોભાયાત્રા શહેરના વિવિધ માર્ગો તેમજ સેકટરોમાં ફરી હતી. આ શોભાયાત્રાનું સ્વાગત આગેવાનો દ્વારા ઠેરઠેર કરવામાં આવ્યું હતું. સવારે ૮ કલાકે નીકળેલી શોભાયાત્રા બપોરે સંત રોહિદાસ મંદિર ખાતે પરત ફરી હતી. જયારે દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો પણ યોજાયા હતા. જેમાં સવારે શોભાયાત્રા, બપોરે પ્રસાદ, ધર્મસભા, અને સાંજે લોકડાયરાનું આયોજન કરાયું હતું. સંત રોહિદાસજીની જન્મજયંતિ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, હોદેદારો સહિત સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં એકઠા થયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ઉજવાયું 'દિવ્ય માતૃ-પિતૃ વંદના પર્વ'





ગાંધીનગર, તા.૯

જેમ ટેક્નોલોજીમાં ફોરજીનું ચલણ ચાલી રહ્યું છે તે જ રીતે જીવનમાં પણ 4G અગત્યનું સ્થાન ધરાવે છે અને આ 4G એટલે પ્રભુજી, ગુરુજી, માતાજી અને પિતાજી. આજે રવિવારે ગાંધીનગરના કુડાસણ વિસ્તારની સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયેલ દિવ્ય માતૃ પિતૃ વંદના કાર્યક્રમે બાળકોને આ પ્રકારના સંસ્કાર આપવાનું કામ કર્યુ છે. આ પ્રસંગે અનેક લાગણી સભર દશ્યો જોવા મળ્યા હતા.

એક તરફ પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ આપણા સમાજમાં આંધળી દોટ જોવા મળી રહી છે ત્યારે સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા દિવ્ય માતૃ પિતૃ વંદના કાર્યક્રમ થકી બાળકોનું ભણતર સાથે સંસ્કૃતિનું ઘડતર કરવાનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રકારનો કાર્યક્રમ સ્કૂલમાં છેલ્લા કેટલાક વર્ષોથી યોજવામાં આવી રહ્યો છે. એક તરફ વેલેન્ટાઈન ડે જેવા પશ્ચિમી સંસ્કૃતિના પર્વનું વર્ચસ્વ વધી રહ્યું છે તેવા સંજોગોમાં સ્કૂલનો આ પ્રયાસ બાળકોને બાળપણથી જ માતા પિતા પ્રત્યે આદર અને માન સન્માનની લાગણી પેદા કરે તે પ્રશંસનીય છે. આ પ્રકારના કાર્યક્રમથી બાળકો માતા પિતાએ તેમના જીવનમાં કરેલાં ઉપકાર પ્રત્યે સભાન બને છે અને તેમના પ્રત્યે આદરભાવ કેળવતા થાય છે. આ પ્રસંગે શાળાના આચાર્ય નિર્મલ પટેલે બાળકોને શીખ આપી હતી કે 'વૃક્ષ વગરની વેલડી ચાંદ વગરની રાત, માતા પિતા વગરની જિંદગી થઇ જશે બરબાદ'. કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં સ્કૂલના બાળકોએ તેમના માતા પિતા સાથે ભાગ લીધો હતો અને માતા પિતાનું પૂજન કરી તેમના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

# માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની કાર્યશાળામાં ડૉ. દીપક પંડયાનું માર્ગદર્શન



ગાંધીનગર, તા.૯

આજે શહેરના સેકટર-૨૦માં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સભાખંડ ખાતે માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનની તેત્રીસમી કાર્યશાળા યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાષા પ્રેમીઓને સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના આચાર્ય, વિવેચક, લેખક અને સંશોધક એવા ડૉ. દીપક પંડયાએ પંડિતયુગના ધૂરંધર સાહિત્યકાર અને ધર્મચિંતક 'શ્રી આનંદશંકર બાબુભાઈ ધ્રુવના જીવન અને કવનનો અભ્યાસપૂર્ણ પરિચય' કરાવ્યો હતો.

આ ઉપરાંત કાર્યશાળામાં ગુજરાતી ભાષાના ઘરેણાં સમાન 'અલંકાર'ની શ્રેણીનો પ્રારંભ કરાયો છે જે અંતર્ગત પ્રથમ મણકામાં 'શબ્દાલંકાર'નો કાર્યશાળાના નિયમિત સાધક, વ્યાકરણના અભ્યાસુ અને શિક્ષિકા કિરણબહેન બાલસરાએ ભણાવ્યો હતો. ગાંધીનગર સમાચારના જાણીતા કટારલેખક ડૉ.જય ઓઝાએ સંસ્કૃત સુભાષિતનો આસ્વાદ કરાવ્યો હતો. બોર્ડ, ચોક અને ડસ્ટર દ્વારા વિનામૂલ્યે જીવંત પ્રશિક્ષણ તથા માતૃભાષાના જાણકાર વિધ્વાનોની હાજરીમાં ખુલ્લી ચર્ચાએ કાર્યશાળાની લાક્ષણિકતા છે જે અત્રે ઉલ્લેખનીય છે.



શહેરના દરેક વિસ્તાર અને એકેએક સર્કલને સુરક્ષા કવચ હેઠળ સમાવી લેવા સીસીટીવી કેમેરા લગાવવાની કામગીરી ચાલી રહી છે. ગ-૨ સર્કલ પર સીસીટીવી લગાવતો કર્મચારી નજરે ચઢી રહ્યો છે.




આપણે ત્યાં કચરાપેટીના ઉપયોગ બાબતે ઉદાસીનતા જોવા મળે છે. કચરો કચરાપેટીમાં નાંખવાના બદલે જયાં ત્યાં નાંખી દેવાય છે. કચરો જાહેરમાં નાંખવા માટે કોઈ દંડ કે સજાની જોગવાઈ ન હોવાથી ગંદકી ફેલાવતા જાણે કોઈ શરમાતું જ નથી. સેકટર-૭ જવાના માર્ગે કચરાપેટીની આસપાસ ફેલાયેલો કચરો આપણી માનસિકતા છતી કરે છે.

# થેલેસેમિયાને કારણે ગુમાવેલા ભાઈની યાદમાં મોટાભાઈએ રકતદાન શિબિર યોજી...!!

## થેલેસેમિયા સાથે જીવતા પુત્રએ આરંભેલો વ્યવસાય પિતા માટે નિવૃત્તિ પછીનો આધાર બન્યો : હવે દર વર્ષે થેલેસેમિયા ગ્રસ્ત દર્દીઓ તથા સમાજને ઉપયોગી થાય તેવી પ્રવૃત્તિથી જ સદ્ગતનો જન્મદિવસ ઉજવવાનો પરિવારનો નિર્ધાર




ગાંધીનગર, તા.૯

હિન્દી ફિલ્મ જગતના સન્માનીય સુપર સ્ટાર અમિતાભ બચ્ચન દ્વારા થેલેસેમિયા રોગ અંગે જાગૃતિ ફેલાવતી જાહેરાત તો સૌ કોઈએ જોઈ જ હશે, પરંતુ અમિતાભ બચ્ચન પોતે અને તેમની દિકરી શ્વેતા પણ 'થેલેસેમિયા માઈનોર' છે અને તેઓની સાથે જયા બચ્ચન પણ થેલેસેમિયા અંગે જાગૃતિ ફેલાવવાના કાર્યમાં ખૂબ ઊંડો રસ લઈ કામ કરી રહ્યા છે તે કદાચ તેમના ઓછા પ્રસંશકોને ખબર છે. ગાંધીનગરમાં પણ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓથી માંડીને સેવાભાવી સામાજિક કાર્યકરો આ બાબતે પ્રસંશનીય પ્રયાસ કરી રહ્યા છે. શહેરના વધુ એક યુવાન તથા તેના પરિવારે થેલેસેમિયા ગ્રસ્ત દર્દીઓને ઉપયોગી બની શકાય તે હેતુથી રકતદાન શિબિર યોજી પ્રયાસનો પ્રારંભ કર્યો છે અને હજુ ગઈકાલે જ યોજાયેલા 'પાશેરામાં પહેલી પૂણી' જેવા આ પ્રયાસમાં ૫૦ યુનિટસ જેટલું રકતદાન એકત્રિત થયું હતું જે એક આવકારદાયક બાબત કહી શકાય.

ગાંધીનગરના સેકટર-૫માં રહેતા મૂળ સાણંદના વતની એવા પ્રવિણભાઈ ઠક્કર સરકારના સહકારી વિભાગમાં નોકરી મળતા વર્ષ ૧૯૮૭માં પાટનગરના વતની બન્યા હતા. પ્રવિણભાઈને પરિવારમાં બે દિકરા જેમાં મોટો રૂચિર અને નાનો દર્ષિત. જેમાંથી નાના પુત્ર દર્ષિતને તે સાતેક વર્ષનો થયો ત્યાં સુધીમાં વારંવાર અશકિત આવી જવી, શરીરમાં ફિકાશ જણાવી જેવી તકલીફો અનુભવાતી હતી અને તે ખૂબ બેચેન રહેવા લાગ્યો હતો. આ બાબતે તબીબી તપાસ દરમિયાન દર્ષિતને થેલેસેમિયા હોવાનું નિદાન થયું હતું અને તે પછી તેને દર મહિને એક બોટલ લોહી ફરજિયાત ચઢાવવા અમદાવાદ લઈ જવો પડે તે સ્થિતિનો પ્રારંભ થયો હતો. આમ કરતા કરતા દર્ષિત જયારે અંદાજે ૧૮ વર્ષનો થયો ત્યારે એ દિવસ વહેલી પરોઢે અચાનક સખત માથુ દુઃખવાની ફરિયાદ સાથે જાગ્યો હતો જેથી તેને દવાખાને લઈ જવાતા નિદાનમાં માલુમ પડયું હતું કે તેના માથામાં ડાબી તરફના મગજમાં લોહી નસની બહાર પ્રસરી રહ્યું છે જે એક બ્રેઈન હેમરેજની સ્થિતિ કહેવાય અને તેના કારણે દર્ષિતને ડાબા પડખામાં પેરેલેસિસની અસર થઈ જવા પામી હતી. બ્રેઈન હેમરેજની જોખમી સારવારમાંથી બહાર આવ્યાના એકાદ વર્ષ પછી દર્ષિતને થેલેસેમિયાના કારણે




થતી બરોડ વધવાની સમસ્યા સર્જાઈ હતી જેના માટે બરોડ કાઢવાનું ઓપરેશન કરવું પડયું હતું. ઓપરેશન બાદ એકવાર દર્ષિત અને તેનો મોટો ભાઈ રૂચિર બંને રાત્રે ચાલવા નીકળ્યા હતા ત્યારે એક સ્કૂટર ચાલકે ટક્કર મારતા દર્ષિતના ઓપરેશનમાં લેવાયેલા ટાંકા તુટી ગયા અને કટોકટીભરી સ્થિતિમાં તેને સઘન સારવાર માટે ત્રણેક દિવસ આઈસીયુમાં રાખવો પડયો હતો. જો કે દર્ષિતનું આત્મબળ એટલું પ્રબળ હતું કે તે આ સ્થિતિમાંથી પણ બહાર આવી ગયો હતો. ભણવામાં પણ હોંશિયાર દર્ષિતે બીકોમ પુરું કરીને ત્રણેક કંપનીઓમાં નોકરી પણ કરી અને તે પછી તેણે દર્ષ ફાઈનાન્શિયલના નામથી ઈન્વેસ્ટમેન્ટ કન્સલટન્ટ તરીકે પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો હતો.

થેલેસેમિયાને કારણે વય વધવા છતાં બાળક જેવા જ દેખાતા દર્ષિતને પહેલીવાર મળતા કલાયન્ટ ગંભીરતાથી લેતા નહોતા અને તેને ડ્રાઈવીંગ લાયસન્સ લેવામાં પણ મુશ્કેલી પડી હતી. મોટો ભાઈ રૂચિર પણ ફાર્મસીમાં અનુસ્નાતક થઈને પહેલા ચેન્નાઈ પછી બેંગ્લોર ખાતે જોબ કરતો હતો. દર્ષિતની નિર્ણય શકિત એટલી મજબૂત હતી કે તેના મોટાભાઈને પૂણેની જોબ પસંદ કરવી કે બેંગ્લોરની તેની સલાહ પણ દર્ષિત જ આપતો. રૂચિરે જે એજયુકેશન લોન લીધી હતી અને તેના તેના હપ્તા ભરતો હતો તે લોન દર્ષિતે બારોબાર ભરપાઈ કરીને પુરી કરી દીધી. પોતાની માતા રમીલાબેનને બેંક એકાઉન્ટ ખોલાવવા પ્રેરિત કરી તેમનું ઈન્ટરનેટ બેકિંગ એકિટવેટ કરી આપવા દર્ષિત જ પોતાના ગીયરલેસ સ્કૂટર સાથે દોડધામ કરતો હતો. દર્ષિત પોતાના પિતાને પણ ફાઈનાન્શિયલ નિર્ણયો લેવામાં સલાહકાર બની મદદરૂપ થતો હતો અને પરિવારમાં દર્ષિતનો જન્મદિવસ પણ ઉમંગથી ઉજવાતો અને તેને મનગમતા કપડાંની ભેટ આપવામાં આવતી હતી. વર્ષ ૨૦૧૬માં જયારે દર્ષિત ચોવીસેક વર્ષનો હતો ત્યારે તેને પિત્તાશયમાં પથરીની સમસ્યા સર્જાઈ હતી જેને માટે ઓપરશન જરૂરી બન્યું હતું પરંતુ આ સમયે ચેન્નઈમાં એમબીએ કરવા ગયેલા રૂચિરને તેની જાણ કરવાની દર્ષિતે ના પાડી હતી. આ ઓપરેશન પછી નબળી તબિયત હોવા છતાં રૂચિરનો રજા ના પડે તેથી પરિવાર સાથે દર્ષિત ચેન્નઈ પહોંચી ગયો હતો અને પરિવારે રામેશ્વરમ સહિતના સ્થળોનો પ્રવાસ માણ્યો હતો. આ પછી વર્ષ ૨૦૧૭માં ૧લી ફેબ્રુઆરીએ દર્ષિતનું કાર્ડિયાક ફેલ્યોર એટલે કે હૃદયના બેસી જવાથી અવસાન થયું હતું. વસંતપંચમીના દિવસે જન્મેલા દર્ષિતની વિદાય પણ વસંતપંચમીના દિવસે જ થવા પામી હતી અને ૮મી ફેબ્રુઆરીએ પોતાનો ૨૫મો જન્મદિવસ ઉજવી શકયો ન હતો.

બરાબર એક વર્ષ પછી સ્થિતિ એવી હતી કે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલા પિતાએ દર્ષિતે શિખવાડેલો ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરીનો બિઝનેસ સંભાળી લીધો હતો જે અંતર્ગત દર્ષિતના અવસાન પછીનો બીજો જન્મદિવસ ગ્રાન્ડ ઈન્વેસ્ટમેન્ટ ડે તરીકે ઉજવ્યો હતો જેમાં કુલ રૂ. ૧ લાખના મૂલ્યની ૧૦૦ એસઆઈપી નવી શરૂ કરવામાં સફળતા મેળવી હતી. આ વર્ષે ગઈ કાલે ૮મી ફેબ્રુઆરીએ રૂચિરે દર્ષિતનો જન્મદિવસ સમાજ તથા થેલેસેમિયા ગ્રસ્ત દર્દીઓને મદદરૂપ થવાના નિર્ધારથી ઉજવવાનું નક્કી કર્યુ અને તેના ભાગરૂપે રકતદાન શિબિર યોજી હતી જે દર્ષિતને આપવામાં આવેલી યોગ્ય શ્રધ્ધાંજલિ કહી શકાય. હવે દર વર્ષે દર્ષિતનો જન્મદિવસ રકતદાન શિબિર જેવી સમાજોપયોગી પ્રવૃત્તિથી જ ઉજવવાનો પરિવારે નિર્ધાર કર્યો છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**મલંગ**
૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૪.૩૦, ૬.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**શિકારા**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
**હેક્ડ**
૧૨.૧૫, ૮.૦૫
**જવાની જાનેમન**
૨.૫૫
**સ્ટ્રીટ ડાન્સર -૩**
૭.૦૦
**તાન્હાજી**
૧.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**મલંગ**
૯.૪૦, ૧૦.૫૫, ૧૨.૩૦, ૧.૪૫, ૩.૨૦, ૪.૩૫, ૬.૧૦, ૭.૨૫, ૯.૦૦, ૧૦.૧૫
**શિકારા**
૯.૫૦, ૧૨.૨૫, ૫.૨૫, ૮.૦૫
**હેક્ડ**
૧૨.૨૫, ૩.૦૦, ૧૦.૪૦
**જવાની જાને મન**
૧૦.૩૫, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૪.૦૦
**તાન્હાજી**
૧.૧૦, ૧૦.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**મલંગ**
૯.૩૦, ૧૧.૨૫, ૧૨.૧૦, ૨.૧૫, ૩.૧૦, ૫.૦૫, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૪૫
**શિકારા**
૯.૨૦, ૩.૦૦
**હેક્ડ**
૧૧.૪૦, ૫.૩૫, ૮.૦૦
**જવાની જાને મન**
૧૦.૧૦, ૫.૩૦
**સ્ટ્રીટ ડાન્સર-૩**
૨.૦૫, ૭.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૧.૩૫
**તાન્હાજી**
૯.૦૦, ૫.૦૦, ૧૦.૪૦

# સેકટર-૩ ખાતેથી બે બુલેટની ચોરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં વાહનચોરીના કિસ્સા વધી રહ્યા છે ત્યારે સેકટર-૩ સી ખાતેથી તાજેતરમાં બે બુલેટની ચોરી થવા પામી છે. સેકટર-૭ પોલીસ મથકે બુલેટ ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શહેરના સેકટર-૩ સી પ્લોટ નં ૬૨૧-૨ ખાતે રહેતા જીતેન્દ્રકુમાર મહેન્દ્રકુમાર રાવલ ઉં.વ.૪૩ મધર ડેરીમાં મિકેનીકલ તરીકે ફરજ બજાવે છે. તે પોતાનું બુલેટ લઈને નોકરીએ આવન જાવન કરતા હતા. જીતેન્દ્રકુમારે ગત તા.૨ ના રોજ રાત્રીના ૮ વાગ્યાના અરસામાં પોતાનું બુલેટ નં. જી.જે.૧૮.ડી.બી.-૫૭૭૮ ઘર પાસે પાર્ક કર્યુ હતું. ત્યારબાદ સવારે જોયુ તો બુલેટ પાર્ક કરેલી જગ્યાએ ન હતું. આસપાસ અને થોડા સમય રાહ જોયા બાદ પણ બુલેટ ન મળતા સેકટર-૭ પોલીસ મથકે રૂ.૭૦ હજારના બુલેટ ચોરી અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં પીડીપીયુ રીસર્ચ આસીસટન્ટ તરીકે ફરજ બજાવતા અભિજીત અતુલ નિરંતરે પોતાના મિત્ર સાથે સેકટર-૩ સી પ્લોટ નં. ૫૨૬-૧ ખાતે રહે છે. અભિજીત બે દિવસ માટે પોતાના ઘરે વડોદરા ગયો હતો. તે દરમિયાન તેની માલિકીનું જી.જે.૦૬.એલએમ-૩૫૦૬ નંબરનું બુલેટ ચોરાયુ હતું. સ્થાનિક નાગરીકોનું કહેવુ છે કે તા.૨ના રોજ રાત્રીના ૮.૩૦ કલાક સુધી બુલેટ પડી રહ્યું હતું. જયારે તા.૩ ના રોજ સવારે ૬ વાગે જોયું તો બુલેટ તેના સ્થાને ન હતું. બુલેટની ચોરી થવા પામી છે. બુલેટની આસપાસ શોધખોળ કર્યા બાદ પણ બુલેટ નહી મળી આવતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.